# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ – 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : નવલકથાનું સ્વરૂપ **(MGT-01)**
**તારીખ** : **27/08/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.
(2) નીચે પૈકી કોઈપણ પાંચ પ્રશ્નોના ઉત્તર આપો. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 ગુજરાતી ભાષામાં નવલકથા સ્વરૂપનો ઉદ્દભવ અને વિકાસ આલેખો. (14)

**અથવા**

નવલકથામાં આરંભ અને અંતનું મૂલ્ય સમજાવો.

પ્રશ્નઃ–2 ઐતિહાસિક નવલકથાનું સ્વરૂપ સ્પષ્ટ કરી આધુનિક નવલકથા કરતાં તે કઈ રીતે જુદી પડે છે તે જણાવો. (14)

**અથવા**

'પાટણની પ્રભુતા' નવલકથાનું ઐતિહાસિક નવલકથા તરીકે સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

પ્રશ્નઃ–3 'સરસ્વતીચંદ્ર ભાગ-1' નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (14)

**અથવા**

'સરસ્વતીચંદ્ર ભાગ-1' નવલકથાની પાત્રસૃષ્ટિનું વર્ણન કરો.

પ્રશ્નઃ–4 'માનવીની ભવાઈ' નવલકથાનું જાનપદી નવલકથા તરીકે મૂલ્યાંકન કરો. (14)

**અથવા**

'માનવીની ભવાઈ' નવલકથામાં આવતા દુષ્કાળના વર્ણનોની ઉદાહરણ સાથે ચર્ચા કરો.

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે **બે**) (14)

1. 'માનવીની ભવાઈ' નવલકથાના શીર્ષકની ઉચિતતા
2. 'પાટણની પ્રભુતા' કૃતિમાંથી પ્રગટ થતી ગુજરાતની અસ્મિતા
3. 'સરસ્વતીચંદ્ર' ભાગ-1 ના સર્જકની સર્જન શૈલી
4. 'માનવીની ભવાઈ' નો આરંભ અને અંત

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી પ્રતિનિધિ કવિતાઓ **(MGT-02)**
**તારીખ** : **29/08/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 ‘અખેગીતા’ એ ગુજરાતી તત્ત્વજ્ઞાન કવિતાનું એક ઉચ્ચ શિખર છે – ચર્ચો. (14)

પ્રશ્નઃ–2 આખ્યાન કાવ્યનાં લક્ષણોને ધ્યાનમાં રાખી ‘સુદામાચરિત્ર’નું આખ્યાન કાવ્ય તરીકે મૂલ્યાંકન કરો. (14)

પ્રશ્નઃ–3 ‘અખેગીતા’માં તત્ત્વજ્ઞાન પોતે જ કાવ્ય અને કાવ્ય પોતે જ તત્ત્વજ્ઞાન બન્યું છે – આ વિધાનની સાધકબાધક ચર્ચા કરો. (14)

પ્રશ્નઃ–4 ‘પૂર્વાલાપ’ના ખંડકાવ્યોની રસલક્ષી સમીક્ષા કરો. (14)

- નીચેનામાંથી કોઈપણ **બે** પ્રશ્નોના ઉત્તર આપો.

પ્રશ્નઃ–5 ‘ધ્વનિ’ કાવ્યસંગ્રહના આધારે શ્રી રાજેન્દ્ર શાહની ગીત કવિ તરીકેની વિશેષતાઓ જણાવો. (14)

પ્રશ્નઃ–6 ‘આયુષ્યના અવશેષે’ સૉનેટ ગુચ્છની રસલક્ષી સમીક્ષા કરો. (14)

પ્રશ્નઃ–7 ‘સપ્તપદી’ કાવ્યસંગ્રહના સંદર્ભમાં શ્રી ઉમાશંકર જોશીની કવિ તરીકેની વિશેષતાઓ જણાવો. (14)

પ્રશ્નઃ–8 ‘સ્વપ્નોને સળગવું હોય તો .........’ કાવ્યના સામાજિક સદર્ભને સ્પષ્ટ કરો. (14)

પ્રશ્નઃ–9 ટૂંકનોંધ (ગમે તે **બે**) (14)

1. સુદામાનો પ્રારબ્ધવાદ
2. ‘શોધ’ કવિતાનો રસાસ્વાદ
3. ‘શ્રાવણી મધ્યાહ્ને’ કાવ્યનો રસાસ્વાદ
4. કૃષ્ણ–સુદામાના વિદ્યાર્થી જીવનનાં સંસ્મરણો

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર અને રૂપતંત્ર **(MGT-03)**

**તારીખ** : **30/08/2011**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.
(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 ભાષાની સાંકેતિક વ્યવસ્થામાં યાદચ્છિકતા, દ્વિસ્તરિયતા અને ખુલ્લાપણું કઈ રીતે છે તે ઉદાહરણ સાથે સમજાવો. (14)

**અથવા**

ગુજરાતી ભાષાના ઉદ્દભવની બીજી ભૂમિકાના ઉચ્ચારણ વિષયક, વ્યાકરણ વિષયક અને શબ્દભંડોળ વિષયક લક્ષણો ઉદાહરણ સાથે સમજાવો.

પ્રશ્નઃ–2 ગુજરાતી ભાષાના ઓષ્ઠય ધ્વનિઓ અને વર્સ્ત્ય સ્પર્શ ધ્વનિઓ ઉદાહરણ સાથે સમજાવો. (14)

**અથવા**

પાર્શ્વિક અને પ્રકંપી ધ્વનિઓ ઉદાહરણ સાથે સમજાવો.

પ્રશ્નઃ–3 ટૂંકનોંધ લખો. (ગમે તે **બે**) (14)

1. ગુજરાતીના મર્મરસ્વરો
2. લિંગ વચનસૂચક રૂપો
3. ભાષાની વિવિધ લાક્ષણિકતાઓ
4. સંયોજક રૂપો.

પ્રશ્નઃ–4 સંજ્ઞાના પ્રકારો જણાવો. (14)

**અથવા**

ગુજરાતી ભાષાના વ્યંજનોના આંતર સંબંધો આકૃતિ અને ઉદાહરણ સાથે સમજાવો.

પ્રશ્નઃ–5 ગુજરાતી નામપદની રચના ઉદાહરણ સાથે સમજાવો. (14)

**અથવા**

ગુજરાતીમાં કર્તરિ, કર્મણિ અને ભાવે વાકય રચનાઓ ઉદાહરણ સાથે સ્પષ્ટ કરો.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : નિબંધ **(MGT-04)**

**તારીખ** : **02/09/2011**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : દરેક નિબંધ 35 ગુણના છે. **કુલ ગુણ : 70**

---

- **નીચેનામાંથી કોઈપણ બે નિબંધ દોઢથી બે હજાર શબ્દોમાં લખો.**

1. સાયબર વર્લ્ડ .......... આકર્ષણો અને પડકારો
2. કમળાના રોગનું તાંડવ
3. દુષ્કાળના ખપ્પરમાં
4. શહેરીકરણ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : વિશેષ લેખક : સિમાચિન્હો **(MGT-05)**
**તારીખ** : **03/09/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.
(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 આત્મકથાનો ઉદ્દભવ સ્વરૂપ જણાવી ગુજરાતી આત્મકથા સાહિત્યની વિકાસરેખા આલેખો. (14)

**અથવા**

આત્મકથા સર્જન પાછળનો હેતુ જણાવી તેના સ્વરૂપ અંગે ચર્ચો.

પ્રશ્નઃ–2 આત્મકથા સ્વરૂપ સંદર્ભે 'સત્યના પ્રયોગો' નું મૂલ્યાંકન કરો. (14)

**અથવા**

''મારું જીવન એ જ મારો સંદેશ છે'' પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં 'સત્યના પ્રયોગો'ની સમીક્ષા કરો.

પ્રશ્નઃ–3 ''દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ'' – એ હિંદીઓની સત્યાગ્રહની સંઘર્ષ કથા છે – સમીક્ષા કરો. (14)

**અથવા**

ગાંધીજીના ઘડતર તેમજ સત્યાગ્રહની શોધનો સમય 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસ'માંથી મળે છે – આ સંદર્ભે સાધક બાધક ચર્ચા કરો.

પ્રશ્નઃ–4 ગાંધીજીના ચારિત્ર્ય નિર્માણના પ્રેરકબળોનો પરિચય કરાવો. (14)

**અથવા**

'ગાંધીજીનું સાહિત્ય' – અંગે સમીક્ષાત્મક અભ્યાસ આલેખો.

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે **બે**) (14)

1. ઈન્ડિયન ઓપિનિયન
2. ''ધણીપણું'' માં વ્યકત થતું ગાંધીજીનું વ્યકિતત્વ
3. ગાંધીજીના સર્જન વિષયો
4. ગાંધીજીની ભાષાશૈલી

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : _______________

**પાઠ્યક્રમ** : સાહિત્ય મિમાંસા **(MGT-06)**

**તારીખ** : **04/09/2011**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.

(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 શબ્દની વિવિધ શકિતઓનો પરિચય કરાવી લક્ષણાના મુખ્ય પ્રકારો સદૃષ્ટાંત સમજાવો. (14)

**અથવા**

કાવ્યમાં ધ્વનિનું સ્વરૂપ વર્ણવી ધ્વનિના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

પ્રશ્નઃ–2 આચાર્ય ભરતનું રસસૂત્ર સોદાહરણ સમજાવો. (14)

**અથવા**

ભામહ, દંડી અને કુંતકના સંદર્ભમાં વક્રોકિત વિચાર સ્પષ્ટ કરો.

પ્રશ્નઃ–3 'કેથાર્સિસ' એટલે શું ? તે સમજાવી ટ્રેજેડીના ઘટકતત્ત્વો પર નોંધ તૈયાર કરો. (14)

**અથવા**

એરિસ્ટોટલનો અનુકરણવિભાવ વિગતે સમજાવો.

પ્રશ્નઃ–4 ક્રોચેનો અભિવ્યકિતવાદ વિગતે સમજાવો. (14)

**અથવા**

પરંપરા સાથે અનુસંધાન વિશે એલિયટના વિચારો જણાવો.

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે **બે**) (14)

1. કાવ્યનું સત્ય
2. સાધારણીકરણ
3. નવ્ય વિવેચન
4. ઉદાત્તતાના વિવિધ દોષો

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા ઓગસ્ટ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ગદ્યનાં સિમાચિન્હો **(MGT-07)**

**તારીખ** : **05/09/2011**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.
(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 ‘મારી હકીકત’ કૃતિને આત્મકથા કહી શકાય ખરી ? તમારો અભિપ્રાય ઉદાહરણ સાથે સમજાવો. (14)

**અથવા**

‘મારી હકીકત’ કૃતિમાંથી પ્રગટ થતું નર્મદનું ચરિત્ર આલેખો.

પ્રશ્નઃ–2 ‘રાઈનો પર્વત’ કૃતિ દ્વારા રમણભાઈ નિલકંઠે સમાજ સુધારાનો હેતુ પાર પાડયો છે’ – આ વિધાનની ચર્ચા કરો. (14)

**અથવા**

‘રાઈનો પર્વત’ નાટકની વિશેષતાઓ અને મર્યાદાઓની ઉદાહરણ સાથે ચર્ચા કરો.

પ્રશ્નઃ–3 ‘જનાન્તિકે’ કૃતિના આધારે સુરેશ જોષીની નિબંધકાર તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓની ચર્ચા કરો. (14)

**અથવા**

“ઈશ્વરનું ચિત્ર” અને “તડકો” નિબંધ માટે તમારા મંતવ્યો જણાવો.

પ્રશ્નઃ–4 ‘સૌરાષ્ટ્રની રસધાર ભાગ–૧’ ના આધારે ઝવેરચંદ મેઘાણીની વાર્તાકાર તરીકેની સિદ્ધિઓ અને મર્યાદાઓની ચર્ચા કરો. (14)

**અથવા**

‘આહારની ઉદારતા’ વાર્તાની સમીક્ષા કરો.

પ્રશ્નઃ–5 ટૂંકનોધ લખો. (ગમે તે **બે**) (14)

1. કાવ્યની શકિત
2. કાવ્યમાં વર્ણનું મહત્ત્વ
3. સંગીત એક શુદ્ધ લલિતકલા
4. સુરેશ જોષીની ગદ્યશૈલી

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ (**M.A.**)

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : અનુવાદ કલા (**MGT-08**)
**તારીખ** : **06/09/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.
(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે.

**કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 અનુવાદના કાર્યક્ષેત્ર વિશે વાત કરી એના પ્રકારો વિશે વિગતે સમજાવો. (14)

**અથવા**

અનુવાદ : વિજ્ઞાન, કલા કે કૌશલ્ય ? એ વિશેના તમારા મંતવ્યો જણાવો.

પ્રશ્નઃ–2 અનુવાદ કલાની વિભાવના સ્પષ્ટ કરી તેનું સ્વરૂપ તપાસો. (14)

**અથવા**

અનુવાદનું ભાષાવૈજ્ઞાનિક વિશ્લેષણ કઈ રીતે થઈ શકે ? તે સમજાવો.

પ્રશ્નઃ–3 કાવ્યનો અનુવાદ કરતી વખતે શું શું ધ્યાનમાં રાખવું પડે તે જણાવો. (14)

**અથવા**

અન્ય ભાષામાંથી ગુજરાતીમાં નાટકો અનુવાદ કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી પડે ?

પ્રશ્નઃ–4 'અનુવાદ અને શૈલી' વિશે વિગતે સમજાવો. (14)

**અથવા**

અનુવાદ કરવામાં કઈ કઈ મર્યાદાઓ નડે ? એ વિશે વિગતે વાત કરો.

પ્રશ્નઃ–5 ટૂંકનોધ લખો. (ગમે તે **બે**) (14)

1. રૂઢિપ્રયોગોના અનુવાદમાં ધ્યાનમાં રાખવાની બાબતો
2. અનુવાદ કલાનું મહત્ત્વ
3. હિન્દી ભાષામાંથી ગુજરાતીમાં અનુવાદિત કોઈપણ બે રૂઢિપ્રયોગો
4. ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદિત કોઈપણ બે કહેવતો.

---